# દીપડો મરતો રહ્યો...ને વન વિભાગ તમાસો જોતું રહ્યું !







(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા, તા. ૨૭

દાંતીવાડા તાલુકાના તાલેનગર ગામે આંજ રોજ વહેલી સવારે રાણીટોકના પહાડી જંગલ માંથી એક હિંસક દીપડો શિકારની શોધમાં તાલેનગર ગામના પુનમાજી રામચંદજી ઢેપા ના ખેતરમાં આવી પહોચ્યો હતો અચાનક ખેતરમાં દીપડો દેખાતા પુનમાજી તેમજ તેમનો પરિવાર ભયભીત થઈગયો હતો જે વાતની લોકોને જાણ થતા લોકો એકત્રિત થયા હતા.

વાતની જાણ લોકો માંથી દાંતીવાડા આર એફ ઓ કચેરી ખાતે કરાતા રેંજ ફોરેસ્ટ ઓફિસર આઈ,એમ રબારી તેમજ તેમનો સ્ટાફ તાબડતોબ ઘટના સ્થળે પહોચો હતો તે દરમિયાન દાંતીવાડા રાઉન્ડ ફોરેસ્ટર વી,ડી નાયક તેમજ ડેરી રાઉન્ડના વોચમેન છોગાજી મોદી દીપડો જયાં છુપાયો હતો તે જગ્યાએ તપાસ કરવા ગયેલા તે સમયે પલક વારમાં દીપડાએ બને વન્ય કર્મીયો પર હિંસક હુમલો કરતા લોહી લુહાણ થવા પામ્યા હતા તેમને દીપડાના સકંજા માંથી છોડવા ઓઢવા ગામના કોળી અમરતજી ગલબાજી વચ્ચે જતા તેઓને પણ દીપડાએ ઘંભીર ઈજાઓ પહોચાડી હતી, તેથી તેમને -થમિક સારવાર અર્થે જેગોલ પી એચ સી ખાતે ખસેડાયા હતા. ત્યારબાદ જાણના પગલે બનાસકાંઠા ડીએફઓ જે. વી. વ્યાસ તેમની ટીમ સાથે ઘટના સ્થળે આવી પહોચ્યા હતા. તેઓ દ્વારા ગાંધીનગર સ્થિત રેસ્ક્યુ ટીમને બોલવામાં આવી હતી, પરંતુ કલાકોના વહાણા વીત્યા બાદ પણ ટીમ ઘટના સ્થળે પહોચી ન હતી.

જેથી લોકો રોસે ભરાયા હતા અને જોત જોતામાં સાંજના સુમારે લોકોના ટોળાએ વન વિભાગ કર્મીયોની નજર સમક્ષ દીપડો સંતાયેલો હતો તે ખેતરમાં ગુસી બેરહેમી પુરવક દીપડાને લાકડી તેમજ કુહાડીના ઘા કર્યા હતા, દીપડાને મારવાનો તમાસો વનવિભાગના ડીએફઓ જે,વી વ્યાસ તેમજ તમામ ઉચ અધિકારીઓ કલાક સુધી જોતા રહ્યા હતા પરંતુ વનવિભાગના એક પણ અધિકારીએ દીપડાને મારતા બચવાનો -યત્ન ન કર્યો હતો, હદ તો એટલે સુધી થઈ ગઈ કે ટોળાએ દીપડાને મારમારી ત્રણ કિલો મીટર વનવિભાગ અધિકાર્યો ની નજરો સમક્ષ ગામના ચોરયા સુધી ધસડ્યો હતો અને વન વિભાગ આરામથી કોઈ પણ વાતની જાણ ન હોય તેમ પાછળથી ધીમી ગતિએ આવી અને દીપડાને બેહોસ કરવાનું કામ કર્યુ હતું. જયારે કે લોકોના ટોળાએ દીપડાને મારીનેજ બેહોસ કરી દીધો હતો , આમ વન વિભાગની ટીમે લોકોની સેપ્ટી નઈ પણ લોકોએ ખુદ પોતાની સેપ્ટી કરી છે જે લોકો ના મુખે સાંભળવા મળ્યું હતું , અને આમ ૧૨ કલાક બાદ દીપડાને પાંજરે પુરયો હતો.

# પાલનપુર પાસે ડમ્ફર-જીપ વચ્ચે અકસ્માતમાં ૪ના મોત

## ૧ ગંભીરને અમદાવાદ ખસેડાયા : દુધાલય જસલેણીના બે મુસ્લિમ યુવાનો મોતને ભેટ્યા : પંથકમાં અરેરાટી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૭

પાલનપુરના બનાસડેરી રોડથી જગાણા તરફ જવાના રોડ પર આજે એક શટલીયા જીપ અને ડમ્ફર ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક કિશોરી સહીત ચાર જણના મોત નીપજ્યા છે જ્યારે એક જણાને ગંભીર હાલતમાં અમદાવાદ ખસેડાયા છે. આ ગમખ્વાર અકસ્માતમાં પાલનપુર પાસેના જસલેણી ગામના બે મુસ્લિમ યુવાનો પણ મોતને ભેટતા આ પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

પ્રાપ્ત વિગત મુજબ આજરોજ પાલનપુરના બનાસડેરી રોડથી જગાણા તરફથી પાલનપુર તરફ આવી રહેલ શટલીયા જીપને ડમ્ફરચાલકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ભયાનક અકસ્માતથી જીપનો કુરચો વળી જવા પામ્યો હતો. જ્યારે મૃતકોને બહાર કાઢવા જેસીબી મશીન બોલાવવામાં આવ્યું હતું. જીપના પતરાં કાપી મૃતદેહો બહાર કઢાઈ હતી. આ ભયાનક અકસ્માતમાં મૃતકોની મરણચીસોથી લોકોના ટોળેટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

### મૃતકોના નામ

- અબ્દુલ સલીમ હમીદભાઈ ભોરણીયા (ઉં.વ.૪૦), રહે. જસલેણી
- અસ્લમભાઈ અબ્દુલરહીમ ભોરણીયા (ઉં.વ. ૪૫), રહે. જસલેણી
- સુનીતાબેન મફતભાઈ કંકોડીયા (ઉં.વ. ૧૭), રહે. માલોસણા
- નારાયણભાઈ અંબાભાઈ વાલ્મીકી , રહે. સેદરાસણ

૬ ઈજાગ્રસ્ત પાલનપુર સિવિલમાં સારવાર હેઠળ.

# હિંમતનગરમાં રાજ્ય કક્ષાનો પ્રજાસત્તાક સમારોહ યોજાયો : રાજ્યપાલશ્રીએ ત્રિરંગો લહેરાવ્યો

હિંમતનગર, તા. ૨૭

રાજયપાલ ડો.શ્રીમતી કમલાજીએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં ૬૫માં પ્રજાસત્તાક સ્વાતંર્ત્ય સેનાનીઓને મળીને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતું.

હિંમતનગરના આંગણે ગણતંત્ર યોગ પરંપરાના વારસારૂપ કરતબો રજૂ કરીને આ સમારોહમાં અનેરૂં આકર્ષણ જમાવ્યુ હતું. વિવિધ સરકારી ખાતાઓ અને નિગમોએ ૪૧ જેટલાં સજાવેલા



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

પર્વના મંગળ પ્રભાતે, પોલીસ બેન્ડવાદકો દ્વારા રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂનની સુરાવલીઓ અને ભારતીય વાયુદળના હેલિકોપ્ટરમાંથી પુષ્પ પાંખડીઓની વર્ષા અને દેશભકિતની લાગણીઓથી છલોછલ વાતાવરણમાં રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લહેરાવ્યો હતો. ગણતંત્ર દિવસના આ મુખ્ય સમારોહનો નજારો માણવા રાષ્ટ્રપ્રેમથી તરબતર હજારોની સંખ્યામાં જિલ્લાવાસીઓ, કાંકણોલ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડયાં હતા. રાજયપાલશ્રીની સાથે રાજયના મુખ્યમંત્રીશ્રીએ ઉન્નત ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. રાજયપાલશ્રી ડો. કલમાજી તથા મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પર્વની ઉજવણી નિહાળવાના લોકોત્સવની અસીમતાની પ્રતીતિ એ વાતથી થતી હતી કે સવારથી જ માનવમહેરામણ ઉમટી પડયૂં હતું. લોકોએ શરૂઆતથી અંત સુધી રસપૂર્વક સમગ્ર કાર્યક્રમને માણ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજયના જિલ્લા મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી યોજીને પ્રજાશકિતને સહભાગીદાર બનાવવાના મુખ્ય મંત્રી શ્રીની સમગ્ર દેશમાં આગવી અને ક્રાંતિકારી પહેલના પગલે ૬૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી સાબરકાંઠાના આંગણે યોજાઈ હતી.

સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓના વિશાળ વૃંદે આત્માની ચેતનાનું શારીરિક બળ સાથે ભારતીય ટેબ્લોઝ (ઝાંખીઓ)ના માધ્યમથી સ્વર્ણિમ ગુજરાતની ગરવી વિકાસ યાત્રાને લોકોએ નિહાળી હતી.

પોલીસ બેન્ડની જોમ જગવતી સુરાવલીઓ સાથે તાલ મિલાવતી, પ્રભાવશાળી કૂચ કદમ (માર્ચ પાસ્ટ) ગણવેશધારી ટુકડીઓએ રજૂ કરી ત્યારે લોકોએ હર્ષનાદોથી જવાનોને વધાવી લીધા હતા. શ્વાન દળ અને પોલીસના મહલિા અને પુરૂષ મોટર સાઈકલ સવારો દ્વારા રૂવાંડા ખડા કરી દે તેવી રોમાંચક કવાયત લોકોના આકર્ષણનું કેન્દ્ર પુરવાર થઈ હતી. અંગ મરોડની પરાકાષ્ઠાનો અનુભવ કરાવતી એરોબિકની કવાયતો અને બેન્ડ ડિસ્પ્લેને ગગનભેદી તાળીનાદથી વધાવી લેવામાં આવ્યા હતા.





(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# પ્રજાસત્તાક દિન નિમિત્તે વિવિધ રંગારંગ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નિમિત્તે હિંમતનગર ખાતે યોજાયેલા ધ્વજવંદન કાર્યક્રમમાં વિવિધ રંગારંગ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સૂર્ય નમસ્કાર અને યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું.

કાંકણોલ ગ્રાઉન્ડમાં વિવિધ યુવા કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, આદિવાસી નૃત્ય સહિત ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. જે ઉપસ્થિત જનમેદનીના ત્રણ તાલીના અધિકારી બન્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી, મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્ય સચિવ ડૉ. વરેશ સિંહા, પોલીસ વડા શ્રી પી. સી. ઠાકુર, પ્રભારી સચિવ શ્રી જયંતિ રવિ, સાંસ્કૃતિક વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા, પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ સહિત વિશાળ જનમેદની ઉપસ્થિત રહી હતી.



૬૫માં પ્રજાસત્તાક દિન પ્રસંગે પાટણ જિલ્લાનો જિલ્લા કક્ષાનો ધ્વજવંદન સમારોહ પાટણ ખાતેના આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં મંત્રી રમણલાલ વોરાએ ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વે તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

(તસવીર : ચેતન રામી, પાટણ)

# તલોદમાં આમ આદમી પાર્ટીના કાર્યાલયનો પ્રારંભ

તલોદ, તા.૨૭

તલોદમાં ગણતંત્ર દિવસે આમ આદમી પાર્ટીએ કાર્યાલય ખુલ્લુ મુકીને બજારમાં રેલી કાઢી હતી. આ આમ આદમી પાર્ટીની રેલી તલોદ બજાર-ગામમાં ફરી હતી. ભ્રષ્ટાચાર મુકત ભારત બનાવવા અને આમ આદમીના ઝાડુ (સાવરણા)થી ભાજપ કોંગ્રેસમાં વધી પડેલી ભ્રષ્ટાચારની ગંદકી દૂર કરવા તલોદમાં આમ પાર્ટીએ બ્યુગલ વગાડયું છે.

તલોદની આ આમ આદમી પાર્ટીમાં સી.ડી. પટેલ હાઈસ્કુલના મંડળ તલોદ કેળવણી મંડળના પ્રમુખ રોનકભાઈ અજીતભાઈ અંબુભાઈ પટેલ અને ગુજરાતી ફિલ્મના કલાકાર વિષ્ણુભાઈ પટેલ દિલાવરસિંહ તથા પત્રકાર મહેન્દ્રભાઈ સોમચંદ ગાંધી અને ભૂપેન્દ્ર મનુભાઈ વ્યાસ સહિતના થોકબંધ જુવાનીયાઓ જોડાયા હતા. જેઓએ 'આપ'ની સફેદ ટોપી પણ પહેરી હતી.

એક સાંધે ત્યાં તેર તૂટે... જેવી હાલતમાં શબ્દોનો વેપાર, વચનોનો વરસાદ અને વિકાસના નામે આંખે પાટો બાંધવાનો જાદુ કરી શાસન કરતા નેતાઓને લોકો ઓળખી ગયા છે તેવી પત્રિકા પણ આપ પાર્ટીએ છપાવી બજારમાં વહેંચી હતી.



(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

આ પાર્ટીએ તેનામાં જોડાઈ જવા ખુલ્લું આમંત્રણ પ્રજાને આપ્યું છે. ત્યારે પાર્ટીમાં ભ્રષ્ટ નેતાઓ ન ભરાઈ જાય તે જોવાનું પાર્ટીના ઉપલા લેવલવાળાએ જોવાનું રહેશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

# ખેડબ્રહ્મામાં સરકારી કચેરીઓ ઉપર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાનું ભૂલાયું

ખેડબ્રહ્મા, તા. ૨૭

રાજયકક્ષાના ૬૫માં પ્રજાસત્તાક દિનની હિંમતનગરમાં ભવ્ય ઉજવણીની સાથે ખેડબ્રહ્મામાં પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અને ખેડબ્રહ્માની નગરપાલિકા તેમજ તાલુકા પંચાયત સહિતની શાળા કોલેજોમાં દબદબાભેર ધ્વજવંદનના કાર્યક્રમો યોજાયા હતા. ખેડબ્રહ્મા શહેરની સરકારી કચેરી ઉપર રાષ્ટ્રધ્વજ દેખાતો જ ન હતો. જેમાં તાલુકા હેલ્થ કચેરી-સરકારી પુસ્તકાલય, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સહિતની કેટલીક સરકારી કચેરીઓ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું વિસરાઈ ગયું હતું. શહેરમાં પ્રજાસત્તાક દિન હોય ત્યારે સરકારી કચેરીઓના અધિકારીઓ રાષ્ટ્રીયધ્વજ ફરકાવવાનું કેમ ભૂલી ગયા તેનું લોકોને આશ્ચર્ય થયું હતું.